# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 07-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*******************************************************

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ વચ્ચે યોજાયેલી દ્વિપક્ષિય મંત્રણા દરમિયાન સંરક્ષણ, સુરક્ષા અને દરિયાઈ ક્ષેત્રમાં સમજૂતીના કરાર
2. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ઇન્ડોનેશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન, બિન્તાંગ આદિપૂર્ણાથી સન્માનિત
3. ગુજરાતના અમદાવાદમાં થયેલા 2008ના શ્રેણીબધ્ધ બૉંબ વિસ્ફોટ કેસમાં 38ને ફાંસી અને 11 દોષિતોની આજીવન કેદની સજાના નીચલી કોર્ટના ચુકાદાને ગુજરાત હાઇકોર્ટે યથાવત રાખ્યો
4. અમરનાથ યાત્રા માટે યાત્રાળુઓનુ છઠ્ઠુ જૂથ આજે વહેલી સવારે જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી રવાના
5. પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આંદોલન કરી રહેલા નાગરિકોએ પાકિસ્તાન સરકારને માંગણીઓ પૂરી કરવા નવ જુલાઇ સુધીની મુદત આપી..
6. ફિફા વિશ્વકપમાં અમેરિકાને હરાવીને બેલ્જિયમનો ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ

---

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# FUR. REV. PM-INDONESIA MOUs - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જકાર્તામાં ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટો સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાટાઘાટો કરી હતી. દ્વિપક્ષિય સંબંધઓને વધુ સુદ્રઢ બનાવવા વિવિધ ક્ષેત્રોમાં બંને દેશોએ સમજૂતી કરાર કર્યા હતા. દ્વિપક્ષિય વાટાઘાટો બાદ સંયુક્ત નિવેદનમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, વધતા પરસ્પર વિશ્વાસથી સંરક્ષણ, સુરક્ષા અને દરિયાઈ ક્ષેત્રમાં સહયોગ મજબૂત બન્યો છે, બંને દેશો સંરક્ષણ આદાનપ્રદાન, આપત્તિ વ્યવસ્થાપન સહયોગ અને ઔદ્યોગિક સહયોગને વિસ્તૃત કરવા સંમત થયા છે.

## BYTE: NARENDRA MODI ON MOU

શ્રી મોદીએ કહ્યું કે ભાગીદારી વિકાસ, સુરક્ષા, ટેકનોલોજી, સંસ્કૃતિ અને શિક્ષણ સહિત વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહી છે. દ્વિપક્ષીય સંબંધોના ભવિષ્યમાં વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે ભારત-ઇન્ડોનેશિયા ભાગીદારીમાં આજથી એક નવો સુવર્ણ અધ્યાય શરૂ થશે.

## BYTE: PM-MODI-ON-MERITIME DEFENCE

# FUR. REV. PM-INDONESIA MOUs - 2

પ્રધાનમંત્રીએ કહ્યું કે, હવે ભારતની ઉચ્ચ-ગુણવત્તાવાળી અને સસ્તી દવાઓ ઇન્ડોનેશિયાના લોકો માટે વધુ સરળતાથી ઉપલબ્ધ થશે. તેમણે કહ્યું કે ભારતમાં વિકસિત ઘઉંના બીજનો પુરવઠો ઇન્ડોનેશિયાની ખાદ્ય સુરક્ષાને મજબૂત બનાવશે, શ્રી મોદીએ કહ્યું કે, બંને દેશોની કંપનીઓ સ્ટેનલેસ સ્ટીલ અને દુર્લભ-પૃથ્વી ચુંબકમાં નવી ભાગીદારી શરૂ કરી રહી છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતનું યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ (UPI) ટૂંક સમયમાં ઇન્ડોનેશિયાની ચુકવણી પ્રણાલી સાથે સંકલિત કરવામાં આવશે, પેલેસ્ટાઇનનો ઉલ્લેખ કરતા, તેમણે બે-રાજ્ય ઉકેલ અને લાંબા ગાળાની શાંતિ માટે ભારતના સમર્થનનો પુનરોચ્ચાર કર્યો.

# PM-INDONESIA AWARD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આજે ઇસ્તાના મેર્ડેકામાં એક ઔપચારિક કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોએ ઇન્ડોનેશિયાના સર્વોચ્ચ નાગરિક સન્માન, બિન્તાંગ આદિપૂર્ણાથી સન્માનિત કર્યા.

અગાઉ, પ્રધાનમંત્રી મોદીનું રાષ્ટ્રપતિ મહેલ, ઇસ્તાના મેર્ડેકામાં ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યાં બંને દેશોના ધ્વજ લહેરાવતા બાળકો દ્વારા તેમનું અને રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાન્ટોનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

આ સન્માન ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત અને ઐતિહાસિક મિત્રતાને ગાઢ બનાવવામાં પ્રધાનમંત્રી મોદીના યોગદાનને દર્શાવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ સંમાન બદલ ઇન્ડોનેશિયાના રાષ્ટ્રપતિનો આભાર માન્યો.

## બાઇટ- PM-MODI-ON-SAMMAN

# JAISHANKAR-PM-HONOUR

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને 'બિન્ટાંગ આદિપૂર્ણા ઓફ ધ રિપબ્લિક ઓફ ઇન્ડોનેશિયા' મેડલ ઓફ ઓનર એનાયત થવો એ બધા ભારતીયો માટે ખૂબ જ ગર્વની વાત છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં ડૉ. જયશંકરે કહ્યું કે, આ એવોર્ડ ભારતની વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી તેમજ ભારત-આસિયાન સંબંધોને મજબૂત બનાવવા માટેના પ્રધાનમંત્રી મોદીના સતત પ્રયાસોનો પુરાવો છે.

1959માં સ્થાપિત, 'બિન્ટાંગ આદિપૂર્ણા ઓફ ધ રિપબ્લિક ઓફ ઇન્ડોનેશિયા' એ વ્યક્તિઓને એનાયત કરવામાં આવે છે જેમણે ઇન્ડોનેશિયા પ્રજાસત્તાકની એકતા, સાતત્ય અને સમૃદ્ધિ માટે ઉત્કૃષ્ટ સેવા આપી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# AHD 2008 SERIAL BLAST CASE VERDICT HC

ગુજરાતના અમદાવાદમાં થયેલા વર્ષ 2008ના શ્રેણીબધ્ધ બોંબ વિસ્ફોટ કેસમાં 38 દોષિતોને ફાંસી અને 11 આરોપીઓને આજીવન કેદની સજા ગુજરાત હાઇકોર્ટે યથાવત રાખી છે. આ વિસ્ફોટોમાં 56 લોકોના મોત થયા હતા. બોમ્બ બ્લાસ્ટ કેસમાં અમદાવાદ સીટી સેશન્સ કોર્ટે ખાતે આવેલી વિશેષ અદાલતે 38 દોષિતોને ફાંસીની સજા કરી હતી. જ્યારે 11 દોષિતોને આજીવન કારાવાસની સજા આપી હતી.

ફાંસી પામેલા દોષિતોને ફાંસી આપવા હાઇકોર્ટની મંજૂરીની જરૂર હોય છે. જેથી રાજ્ય સરકારે વર્ષ 2022માં હાઇકોર્ટમાં સજાની મંજૂરી માટે અરજી કરી હતી. તો સજા પામેલા દોષીતોએ વિશેષ ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે અપીલ દાખલ કરી હતી. આ સજાના કેસમાં વર્ષ 2025 થી હાઇકોર્ટની ડબલ જજની બેન્ચ સમક્ષ દરરોજ સુનવણી થતી હતી.

હાઇકોર્ટે આજે ચુકાદો આપતા વિશેષ ટ્રાયલ કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો છે, દોષિતોની અપીલ ફગાવી છે. ગુજરાત હાઇકોર્ટે મૃતકોના પરિજનોને 10 લાખ, ગંભીર ઘાયલોને 5 લાખ અને સામાન્ય ઈજાગ્રસ્તોને 1 લાખ વળતર ચૂકવવા આદેશ કર્યો છે. 31 માર્ચ 2027 સુધીમાં અસરગ્રસ્તોને વળતર ચૂકવવા પણ વડી અદાલતે સરકારને જણાવ્યું છે. હાઈકોર્ટના હુકમ સામે દોષિતો સુપ્રીમ કોર્ટમાં અપીલ કરશે.

# AMARNATH YATRA

અમરનાથ યાત્રા માટે યાત્રાળુઓનો છઠ્ઠો જથ્થો આજે વહેલી સવારે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે જમ્મુના ભગવતી નગર બેઝ કેમ્પથી રવાના થયો છે. આકાશવાણી જમ્મુથી સંવાદદાતાના અહેવાલ મુજબ કુલ 8 હજાર 815 યાત્રાળુઓ કાશ્મીરમાં અમરનાથ યાત્રા માટે રવાના થયા હતા. કુલ 3 હજાર 989 યાત્રાળુઓ બાલતાલ રૂટ માટે, જ્યારે 4 હજાર 826 યાત્રાળુઓ પહેલગામ રૂટ માટે રવાના થયા હતા.

યાત્રાળુઓની સરળ અવરજવર માટે કુલ 363 વાહનો તૈનાત કરવામાં આવ્યા હતા. યાત્રાળુઓનો કાફલો પોલીસ, CRPF અને અન્ય સુરક્ષા એજન્સીઓ દ્વારા કડક સુરક્ષા કવચ હેઠળ રવાના થયો હતો જેથી બંને રૂટ પર યાત્રાળુઓનો સુરક્ષિત માર્ગ સુનિશ્ચિત થાય.

# POK PROTESTS

પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં વધતા જતા રાજકીય તણાવ વચ્ચે, જમ્મુ અને કાશ્મીર યુનાઇટેડ આવામી એક્શન કમિટીએ ઇસ્લામાબાદ સરકારને, 48 કલાકનો સમય આપ્યો છે અને જો તેમની માંગણીઓ પૂર્ણ નહીં થાય તો 9 જુલાઈએ કડક અને નિર્ણાયક પ્રતિક્રિયા આપવાની ચિમકી આપી છે.

એક ઔપચારિક જાહેરાતમાં, સમિતિએ જણાવ્યું હતું કે જ્યાં સુધી તેમની બધી માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તેમનો ધરણા વિરોધ અનિશ્ચિત સમય માટે ચાલુ રહેશે. સમિતિએ પીઓકેના રહેવાસીઓ અને કાશ્મીરી સમુદાયના સભ્યોને 9 જુલાઈના રોજ વિરોધમાં ભાગ લેવા હાકલ કરી છે.

પાકિસ્તાને આતંકવાદ વિરોધી કાયદા હેઠળ સંયુક્ત આવામી એક્શન કમિટી પર પ્રતિબંધ મૂક્યો ત્યારથી વિરોધ પ્રદર્શનો વધુ તીવ્ર બન્યા છે. વિરોધ પ્રદર્શનના આયોજકોનો આરોપ છે કે 600 થી વધુ કાર્યકરો અને રાજકીય નેતાઓની ધરપકડ કરવામાં આવી છે. અધિકારીઓએ આર્થિક નાકાબંધી પણ લાદી છે, ખોરાક, લોટ અને આવશ્યક દવાઓના પુરવઠાને પ્રતિબંધિત કર્યો છે.

# INDIAN NAVY MAHENDRAGIRI

ભારતીય નૌકાદળ 11 જુલાઈના રોજ વિશાખાપટ્ટનમમાં છઠ્ઠું સ્વદેશી રીતે નિર્મિત સ્ટીલ્થ ફ્રિગેટ મહેન્દ્રગિરી યુદ્ધ જહાજ કાર્યરત કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, સ્ટીલ્થ ફ્રિગેટ ભારતીય નૌકાદળના યુદ્ધ જહાજ ડિઝાઇન બ્યુરો દ્વારા આંતરિક રીતે ડિઝાઇન કરવામાં આવ્યું હતું.

સાંભળીએ આ અંગે એક અહેવાલ.

VC: K.K.SHARMA

# FIFA WORLD CUP

ફિફા વિશ્વ કપમાં, બેલ્જિયમે સિએટલમાં રાઉન્ડ ઓફ 16 મેચમાં અમેરિકાને
4-1થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત કર્યું. બેલ્જિયમ હવે શુક્રવારે ક્વાર્ટર ફાઇનલમાં સ્પેનનો સામનો કરશે.

આ પહેલા, સ્પેને ગઈકાલે રાત્રે પોર્ટુગલને 1-0થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. દરમિયાન, પોર્ટુગીઝ ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ તેમના દેશ રાઉન્ડ ઓફ 16માંથી બહાર થયા બાદ તે આગામી ફિફા વિશ્વ કપમાં પાછા નહીં ફરવાની જાહેરાત કરી છે.

આર્જેન્ટિના આજે રાત્રે એટલાન્ટામાં બીજા રાઉન્ડ ઓફ 16 મેચમાં ઇજિપ્તનો સામનો કરશે.